# આણંદ કૃષિ યુનિવર્સિટી.

આણંદ-૩૮૮ ૧૧૦

**આઉટસોર્સીંગ સેવાઓ બાબત...**

## પરિપત્ર

યુનિવર્સિટીની વિવિધ કચેરીઓ તરફથી આઉટસોર્સીંગથી સેવાઓ મેળવવા માટે દરખાસ્તો મંજૂરી અર્થે અત્રે મોકલી આપવામાં આવતાં જે તે કચેરીની ખાલી જગ્યાની પરિસ્થિતિને ધ્યાને લઇને જે તે જગ્યા સામે આઉટસોર્સીંગથી ઇસમો રોકવાની મંજૂરી આપવામાં આવતી હોય છે.

કેટલીક કચેરીઓ તરફથી મહેકમ પર જગ્યા ઉપલબ્ધ ન હોય કે મંજૂર થયેલ ન હોય તેમછતાં આઉટસોર્સીંગ દ્વારા સેવાઓ મેળવવા માટે દરખાસ્ત કરી મંજૂરી માંગવામાં આવે છે. જેને કચેરીની કામગીરીની અગત્યતા અને જરૂરિયાત ધ્યાને લઇને ખાસ કિસ્સામાં આઉટસોર્સીંગ દ્વારા ઇસમ રોકવાની મંજૂરી આપવામાં આવેલ છે.

હવેથી જેતે કચેરીની મહેકમ પરની ઉપલબ્ધ ખાલી જગ્યા ધ્યાને લઇને.જ કચેરીની કામગીરી અને જરૂરિયાત પ્રમાણે આઉટસોર્સીંગ દ્વારા ઇસમો રોકવાના રહે અને જગ્યા ઉપલબ્ધ ન હોય કે મંજૂર થયેલ ન હોય તેવી જગ્યાની કામગીરી માટે આઉટસોર્સીંગ માટેની દરખાસ્ત કરવાની રહેતી નથી.

અગાઉ મહેકમ પર જગ્યા ઉપલબ્ધ ન હોય કે મંજૂર થયેલ ન હોય તેમછતાં ખાસ કિસ્સામાં આઉટસોર્સીંગ ઇસમ રોકવાની મંજૂરી આપવામાં આવેલ છે તે પણ પરિપત્રની તારીખથી મંજૂરી રદ્દ ગણવાની રહે છે.

પ્રસ્તુત પરિપત્ર માન.કુલપતિશ્રીએ ફાઇલ ઉપર આપેલ મંજૂરી અનુસાર જારી કરવામાં આવે છે. જેનો તાત્કાલિક અમલ કરવાનો રહે છે.

કુલસચિવ

**જા.નં. આકૃયુ/રજી/એડીએમ/એ.૩.૨/ ૧૬૮ /૨૧**
**તા. ૧૭ -૨-૨૦૨૧**

**નકલ સવિનય રવાના:**

(૧) માન.કુલપતિશ્રીના રહસ્યસચિવ, આકૃયુ, આણંદ
(૨) હિસાબ નિયામકશ્રી, આકૃયુ, આણંદ
(૩) યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ-યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા ઘટતું થવા સારૂ.
(૪) નિયામકશ્રી, ઇન્ફોર્મેશન ટેક્નોલોજી, આકૃયુ, આણંદ તરફ એએયુની વેબસાઇટ પર મૂકવા સારૂ.